પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૭૧ | ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧, બુધવાર; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રેકોર્ડ : જીડીપી ગ્રોથ રેટ ૨૦.૧ ટકા

## પ્રથમ ક્વાર્ટરમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટનો ગ્રોથ રેટ રેકોર્ડ ૨૦.૧ ટકા રહ્યો : દેશની કથળતી અર્થવ્યવસ્થામાં સુધારો

## આ પહેલા આરબીઆઈએ એપ્રિલ-જૂન ૨૦૨૧ ક્વાર્ટર માટે જીડીપી ગ્રોથ ૨૧.૪ ટકાનો અંદાજ મૂક્યો હતો

નવી દિલ્હી,તા.૩૧

લાંબા સમયથી કથળી રહેલી ભારતીય અર્થવ્યવસ્થા હવે સુધરતી જોવા મળી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીના આંકડા આવી ચુક્યા છે. પ્રથમ ક્વાર્ટરમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટનો ગ્રોથ રેટ રેકોર્ડ ૨૦.૧ ટકા રહ્યો છે. આ શાનદાર આંકડા કહી રહ્યો છે કે કોરોના સંકટ વચ્ચે કેન્દ્ર સરકાર માટે જીડીપી પર સારા સમાચાર છે. જીડીપી કોઈપણ દેશના આર્થિક સ્વાસ્થ્યને માપવા માટે સૌથી સચોટ માપ છે. કેન્દ્ર સરકારે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના પ્રથમ ક્વાર્ટરના જીડીપી પરિણામો જાહેર કર્યા છે. આ મુજબ, પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીનો ગ્રોથ રેટ રેકોર્ડ ૨૦.૧ ટકા છે. જ્યારે ગત વર્ષના સમાન ક્વાર્ટરમાં નેગેટિવ ૨૩.૯ ટકા જીડીપી ગ્રોથ રેટ હતો. એટલે કે આ વખતે આંકડા અર્થતંત્રની સ્થિતિ સુધારવા તરફ આગળ વધી રહ્યા છે. આ પહેલા આરબીઆઈએ એપ્રિલ-જૂન ૨૦૨૧ ક્વાર્ટર માટે જીડીપી ગ્રોથ ૨૧.૪ ટકાનો અંદાજ મૂક્યો હતો. તે જ સમયે, એસબીઆઈના ઈકોરેપ રિસર્ચ રિપોર્ટમાં એવો અંદાજ લગાવવામાં આવ્યો હતો કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં દેશનો જીડીપી ૧૮.૫ ટકાના દરે વધી શકે છે. એટલે કે, આ આંકડો આરબીઆઈના અંદાજથી થોડો ઓછો છે. જો કે, જીડીપીમાં તીવ્ર સુધારા સાથે અર્થવ્યવસ્થા પાટા પર આવી જવાના સંકેતો છે. ખરેખર, કોરોના સંકટને કારણે ભારતીય અર્થતંત્ર કથળી ગયું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીમાં ૨૩.૯ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારબાદ બીજા ક્વાર્ટરમાં જીડીપીમાં ૭.૫ ટકાનો ઘટાડો થયો, જ્યારે ત્રીજા ક્વાર્ટરમાં તે માત્ર ૦.૪ ટકા હતો. જ્યારે ચોથા ક્વાર્ટરમાં (જાન્યુઆરી-માર્ચ) જીડીપી ગ્રોથ રેટ ૧.૬ ટકા નોંધાયો હતો. આ રીતે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એકંદર જીડીપી ગ્રોથ રેટ -૭.૩ ટકા હતો. એટલે કે, હવે એમ કહી શકાય કે જીડીપીનો આ આંકડો ભારતીય અર્થતંત્રના 'અચ્છે દિન' તરફ આગળ વધતો જણાય છે.

# ચંદ્રકોની વર્ષા : ભારતને વધુ બે ચંદ્રક

## ભારતને પેરાલિમ્પિકમાં મંગળવારની સાંજ સુધીમાં ૧૦ ચંદ્રકો જેમાં ૨ ગોલ્ડ, ૫ સીલ્વર, અને 3 બ્રોન્ઝ મેડલ : મંગળવારે હાઈજમ્પમાં મરિયપ્પન થંગવેલુએ સિલ્વર, શરદકુમારે જીત્યો બ્રોન્ઝ મેડલ

ટોક્યો , તા.૩૧

પેરાલિમ્પિકમાં ટોક્યોની સામાન્ય ઓલમ્પિક કરતાં ૪ ચંદ્રક વધારે મળ્યા છે. આજે સાંજ સુધીમાં ભારતને કુલ ૧૦ ચંદ્રક પ્રાપ્ત થયા છે. જેમાં ૨ ગોલ્ડ, ૫ સીલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલનો સમાવે થાય છે.

ટોક્યો પેરાલિમ્પિકના ૭માં દિવસે આજે ભારતને ફાળે ફરી મેડલનો વરસાદ થયો. દિવસની શરૂઆતમાં સિંહરાજે પુરુષોના ૧૦ મીટર એર પિસતોલ સ્પર્ધાના ફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. જે બાદ પુરુષોના લોંગ જમ્પમાં - ૬૩ સ્પર્ધામાં મરિયપ્પન થંગવેલુ અને શરદ કુમારે મેડલ જીત્યા છે.






જેમાં મરિયપ્પન થંગવેલુએ સિલ્વર જ્યારે શરદ કુમારે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સાથે જ ભારતના મેડલની સંખ્યા ૧૦ થઈ ગઈ છે. આ પહેલાં સોમવારે પણ ભારતને બે ગોલ્ડ મેડલ સહિત કુલ પાંચ મેડલ મળ્યા હતા. ૧૦ મીટર એર પિસ્તોલ SH1ની ફાઈનલમાં ૩૯ વર્ષીય સિંહરાજ અધાનાએ ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અધાના ૨૧૬.૮ ના સ્કોર સાથે ત્રીજા સ્થાને રહ્યા. ૨૩૭.૯ પોઈન્ટ સાથે ચીનના યાંગ ચાઓ ગોલ્ડ જીતવામાં સફળ રહ્યો. જ્યારે ચીનના જ હોંગ જિંગના ખાતામાં સિલ્વર મેડલ આવ્યો હતો. ટોક્યો પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતના મેડલની સંખ્યા હવે ૮ થઈ ગઈ છે. જેમાં ૨ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સામેલ છે.શતમાં દિવસની શરૂઆતમાં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ SH1માં રૂબિના ફ્રાન્સિસે ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. રૂબિનાએ ક્વોલિફિકેશન રાઉન્ડમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ૫૬૦ પોઈન્ટ સાથે

૭માં સ્થાન સાથે તેણે P2 મહિલા ૧૦ મીટર એર પિસ્તોલ SH1 ની ફાઈનલમાં જગ્યા બનાવી.મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલની ફાઈનલમાં રૂબિના દ્વારા સારો દેખાવ કરવાની

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈમાં બાળકો-ટીનેજર્સમાં કોરોનાના કેસમાં વધારો

## રાજધાની માનખુર્દમાં ચેમ્બુર ચિલ્ડ્રન હોમમાં ૧૦ થી ૧૮ વર્ષની વયના ૧૮ બાળકો કોરોનાથી સંક્રમિત થયા હતા

મુંબઈ,તા.૩૧

દેશમાં કોરોના વાયરસના બીજી લહેરની અસર લગભગ સમાપ્ત થઈ રહી છે. થાડો સમયની રાહત બાદ ત્રીજી લહેરનો ખતરો મંડરાઈ છે. નિષ્ણાતોએ કહ્યું છે કે, ત્રીજી લહેરની વધુ અસર બાળકો પર જોવા મળશે. આંકડાઓ તેની પુષ્ટિ કરે છે. દરમિયાન, એવા સમાચાર છે કે મુંબઈમાં એક અઠવાડિયામાં લગભગ ૪૦ બાળકો કોરોના પોઝિટિવ મળ્યા છે. મુંબઈમાં કોરોનાની ત્રીજી લહેર દસ્તક દેવા લાગી છે. આ વખતે કોરોનાની સૌથી વધુ અસર બાળકો અને યુવાનો પર જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં સવાલ એ ઉઠી રહ્યો છે કે કોરોનાના વધતા જતા કેસો વચ્ચે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની તૈયારી કેવી છે. રાજધાની માનખુર્દમાં ચેમ્બુર ચિલ્ડ્રન હોમમાં ૧૦ થી ૧૮ વર્ષની વયના ૧૮ બાળકો કોરોનાથી સંક્રમિત થયા હતા. અહીં કુલ ૧૦૨ બાળકો રહે છે. મુંબઈમાં કોવિડની પહેલી લહેરમાં કુલ દર્દીઓમાં ૫.૬ % બાળકો અને ૧૯ વર્ષથી ઓછી વયના હતા. હાલમાં, આ દર લગભગ બમણો થઈ ગયો છે એટલે કે મુંબઈમાં ૧૦.૮ % બાળકો અને યુવાનો સંક્રમિત છે. જૂનમાં, ૧૩ % બાળકો અને યુવાનો કોવિડથી પ્રભાવિત થયા હતા.

# તાલિબાની નેતાનો ઈન્ટરવ્યુ કરનારી મહિલા એન્કરે દેશ છોડ્યો

## મહિલાએ કહ્યું પરિસ્થિતિ સુધરશે તો વતન પરત ફરશે

કાબુલ,તા.૩૧


તાલિબાનનો ઈન્ટરવ્યુ કરનારી અફઘાનિસ્તાનની મહિલા એક્રરને દેશ છોડવો પડ્યો છે. અફઘાનિસ્તાનની ન્યૂઝ ચેનલ ટોલો ન્યૂઝની એક્રર બેહેશ્તા અર્ઘાંદે દેશ છોડી દીધો છે. બેહેશ્તા તાલિબાનના નેતાનો ઈન્ટરવ્યુ લઈને ચર્ચામાં આવી હતી. તાલિબાનના કોઈ નેતાએ કોઈ મહિલા એક્રર સામે બેસીને તેના સવાલોના જવાબ આપ્યા હોય તેવી આ પ્રથમ ઘટના હતી. તાલિબાને ૧૫ ઓગસ્ટે અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો હતો. તેના બે દિવસ બાદ ૧૭ ઓગસ્ટે બેહેશ્તાએ તાલિબાનના નેતા મૌલવી અબ્દુલહક હેમાદનો ઈન્ટરવ્યુ કર્યો હતો. થોડા દિવસો બાદ બેહેશ્તાએ મલલા યુસુફઝઈનો પણ ઈન્ટરવ્યુ કર્યો હતો. કોઈ અફઘાનિસ્તાની ચેનલ પર મલાલાનો આ પ્રથમ ઈન્ટરવ્યુ હતો. બેહેશ્તાએ નાનપણમાં જ જર્નાલિસ્ટ બનવાનું નક્કી કરી લીધું હતું. જોકે, તાલિબાન સત્તા પર આવ્યા બાદ તેની કારકિર્દી સામે પ્રશ્નાર્થ મૂકીને તેને દેશ છોડવો પડ્યો છે. એક ચેનલ સાથેની વાતચીતમાં બેહેશ્તાએ જણાવ્યું હતું કે મેં દેશ છોડી દીધો છે કેમ કે લાખો લોકોની જેમ મને પણ તાલિબાનથી ડર લાગી રહ્યો છે. જોકે, તેણે કહ્યું હતું કે, તાલિબાને જેવું કહ્યું છે અને જો તેઓ એવું જ કરશે અને પરિસ્થિતિમાં સુધારો થશે, અને મને લાગશે હું સુરક્ષિત છું તથા મને કોઈ ખતરો નથી તો હું અફઘાનિસ્તાન પરત ફરીશ. હું મારા દેશ અને દેશવાસીઓ માટે કામ કરીશ.

# અમેરિકી સૈનિકોએ અડધી રાત્રે કાબુલ એરપોર્ટ છોડ્યું

## પોતાના સૈનિકોને પહેલાં વિમાનમાં બેસાડ્યા, યુ.એસ. આર્મીના મેજર જનરલ ક્રિસ ડોનહ્યુ છેલ્લે બેઠા

કાબુલ , તા.૩૧

તાલિબાન સાથે થયેલા કરાર હેઠળ, અમેરિકાએ ૩૧ ઓગસ્ટ સુધીમાં અફઘાનિસ્તાનને સંપૂર્ણપણે છોડી દેવાનું હતું, પણ અમેરિકાએ ચોવીસ કલાક પહેલાં અફઘાનિસ્તાન છોડી દીધું. જેવા જ ચાર યુએસ લશ્કરી પરિવહન વિમાન સી-૧૭એ કાબુલ એરપોર્ટ પરથી ઉડાન ભરી એની સાથે જ તાલિબાન લડવૈયાઓએ ઉજવણીમાં હવામાં ફાયરિંગ કર્યું હતું. અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સેનાની વાપસી થઈ ગઈ છે. કાબુલ એરપોર્ટ પરથી છેલ્લા અમેરિકન વિમાને ઉડાન ભરી હતી. આ સાથે જ વીસ વર્ષ પહેલાં અમેરિકાનું




અફઘાનિસ્તાનમાં શરૂ થયેલું યુદ્ધ પણ સમાપ્ત થયું છે. અમેરિકન વિમાને ઉડાન ભરી તે પહેલાં યુ.એસ. આર્મીના મેજર જનરલ ક્રિસ ડોનહ્યુ અફઘાનિસ્તાનની ધરતી પરના અંતીમ સૈનિક હતા. મેજર હોવાના નાતે તેમણે સૌ પ્રથમ પોતાના સૈનિકોને વિમાનમાં બેસાડ્યા હતા, પછી પોતે સૌથી છેલ્લે ચડ્યા હતા. અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈન્યની વાપસી બાબતે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનનું નિવેદન પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે હવે અફઘાનિસ્તાનમાં અમારું ૨૦ વર્ષની સૈન્ય ઉપસ્થિતિ સમાપ્ત થઈ છે. અફઘાનિસ્તાનમાં ખતરનાક સ્થળોએ સેવા આપવા બદલ હું અમારા કમાન્ડરોનો આભાર માનું છું. વધુમાં જણાવ્યું હતું કે આ મિશનમાં કોઈ વધુ સૈનિકોએ જીવ ગુમાવ્યો ન હતો.

● અનુસંધાન પાન-૭ પર

# મથુરામાં દારૂ અને માંસના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ

## ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીની મહત્વપૂર્ણ જાહેરાત

મથુરા,તા.૩૧

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મથુરામાં દારૂ અને માંસના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. સીએમ યોગીએ સંબંધિત અધિકારીઓને પ્રતિબંધની યોજના બનાવવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રી યોગીએ સોમવારે મોડી સાંજે મથુરામાં કૃષ્ણોત્સવ ૨૦૨૧ના કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અગાઉ પણ કહ્યું હતું કે ધાર્મિક મહત્વના શહેરમાં માંસ અને દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમણે સૂચવ્યું કે મથુરાના ગૌરવને પુનર્જીવિત કરવા માટે, દારૂ અને માંસના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો દૂધ વેચવાનું શરૂ કરી શકે છે, જે તેના મોટા પ્રમાણમાં દૂધ ઉત્પાદન માટે જાણીતું છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું, બ્રજભૂમિને વિકસાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

એક Bazaar®
એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે
એક મહિના માટે ચાર્જ: ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો www.ekbazaar.com
M. 9019217734 , 7676911802 • Help Line : 18003091349




Meet an integrated diagnostics provider that offers one-stop solutions at affordable prices with focus on superior quality standards.

- Largest integrated diagnostic chain in Southern India, by operating revenue; and one of the fastest-growing diagnostic chains by revenue for fiscal year 2020 (Source: CRISIL Report)
- Operational network* of 81 diagnostic centres and 11 reference laboratories across 13 cities and towns
- Approximately 1,610* pathology tests (740 routine and 870 specialized) and approximately 220 basic and 320 advanced radiology tests
- Professional team* of 74 laboratory doctors, 19 physicians, 105 radiologists and 1,027 well-trained technical staff
- All centres hold National Accreditation Board for Testing and Calibration Laboratories ("NABL") and three centres hold Patient Safety & Quality of Care ("NABH") accreditations
- Winner of several awards : "One of the Best Healthcare Brands-2021" by The Economic Times in 2021; "Most Trusted Diagnostic Centre of the year – India" at the Indo-Arab Leaders Summit & Awards in 2019; "10 Most Trusted Brands of the Year" by the Business Sight Magazine in 2019 and more
- In 2014, acquired majority stake in Medinova Diagnostic Services Limited, a diagnostic service provider in Kolkata

(*As of June 30, 2021)

VIJAYA
VIJAYA DIAGNOSTIC CENTRE
www.vijayadiagnostic.com

Vijaya Diagnostic Centre Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. ICICI Securities Limited, Edelweiss Financial Services Limited and Kotak Mahindra Capital Company Limited at www.icicisecurities.com, www.edelweissfin.com and https://investmentbank.kotak.com, respectively. Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see the section entitled "*Risk Factors*" on page 21 of the RHP. Potential Bidders should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of Equity Shares in the United States.

Adfactors 275B